Rooster ProPR

powered by bluebytes

Thursday , March 14, 2013

## CARE Plans Foray Into Consulting, Bigger Foreign Play to Boost Revenue (also see in Jpeg)

**Publication:** The Economic Times (Guj) , **Agency:**Bureau, **Edition:**Ahmedabad , **Page No:** 3, **Location:** Middle-Right , **Size(sq.cms):** 50

# કેર કન્સલ્ટિંગ બિઝનેસમાં ઝંપલાવશે

ઇટી બ્યૂરો

કોલકાતા

રેટિંગ કંપની કેર રેટિંગ્સ વૈવિધ્યીકરણના ભાગરૂપે ફાઇનાન્શિયલ કન્સલ્ટિંગ બિઝનેસમાં પ્રવેશવાનું વિચારી રહી છે. ઉપરાંત, આવકમાં વધારો કરવા કંપની વિદેશી બજારમાં વ્યાપ વધારવાની પણ યોજના ધરાવે છે. કંપનીના એમડી અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર ડી આર ડોગરાએ જણાવ્યું હતું કે, ''રેટિંગ બિઝનેસમાં વૃદ્ધિની તક મર્યાદિત છે. તેને કારણે કંપનીને આવકના નવા વિકલ્પો શોધવાની ફરજ પડી છે.'' કંપનીને રેટિંગ બિઝનેસની આવક ₹૧૭૮ કરોડના સ્તરે યથાવત્ રહેવાનો અંદાજ છે. ડોગરાએ વધુમાં જણાવ્યું હતું કે, ''કન્સલ્ટન્સી સર્વિસિસ બિઝનેસ કંપનીને જરૂરી વૈવિધ્યીકરણ પૂરું પાડશે.'' કેર તેની સબસિડિયરી કેલિપ્ટો રિસ્ક ટેક્નોલોજિસ મારફતે ૨૦૧૩-'૧૪થી રિસ્ક મેનેજમેન્ટ કન્સલ્ટન્સી ઓફર કરશે. ઉલ્લેખનીય છે કે, કંપનીએ નવેમ્બર ૨૦૧૧માં કેલિપ્ટોનો ૭૩.૧૩ ટકા હિસ્સો હસ્તગત કર્યો હતો. ડોગરાએ જણાવ્યું હતું કે, ''નાણાકીય ક્ષેત્ર કન્સલ્ટન્સી સર્વિસિસમાં હિસાબોની ચકાસણી (ડ્યુ ડિલિજન્સ), સોદાના મૂલ્યાંકન અને રિસ્ક મેનેજમેન્ટ સર્વિસિસનો સમાવેશ થાય છે.'' કંપનીનો શેર બીએસઇ પર બુધવારે ૦.૧૬ ટકા વધીને ૭૯૭ રૂપિયાના મથાળે બંધ રહ્યો હતો.